# SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

## SARTHI DAY CELEBRATION REPORT 2018-19

શાળામાં વિદ્યાર્થીઓ ફક્ત જ્ઞાન જ ના મેળવે પણ જીવનમાં દરેક વ્યક્તિનું મહત્વ સમજે.સમાજમાં રહેલા તમામ નાના મોટા માણસોની આપણા જીવનમાં શું જરૂરિયાત છે તે સમજવા માટે  શાળામાં સારથી દિવસ ની ઉજવણી કરવામાં આવી.  જેમાં શાળામાં કામ કરતા તમામ ડ્રાયવર અને કંડકટરનું બહુમાન કરવામાં આવ્યું.વિદ્યાર્થીઓએ તેમને તિલક કરી લાડુડી આપી.શાળાના પ્રિન્સીપાલ શ્રીએ સારથીનું જીવનમાં અને શાળામાં શું મહત્વ છે તે સમજાવી વિદ્યાર્થીઓને હમેશાં તેમનું માન જાળવવાનું અને આદર આપવાની શપથ લેવડાવી,







# SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

## U-7 W-7 REPORT 2018-19

ડીસેમ્બર મહિના ની પ્રી-પ્રાયમરી ના વિદ્યાર્થીઓની પ્રવૃત્તિ અને ઉજવણી.













# SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

## LEARN-O-FEST CARNIVAL REPORT 2018-19

## DATE: 22 & 23 December 2018

શાળામાં વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે વાર્ષિક "Learn-o-fest" નું આયોજન ડિસેમ્બર મહિનાની ૨૨ અને ૨૩ તારીખે કરવામાં આવ્યું હતું. જેમાં તમામ માધ્યમના વિદ્યાર્થીઓએ પોતાની આગવી પ્રતિભા અને બુધ્ધિ કૌશલ્ય થકી દોઢ મહિનાની અથાગ પુરુષાર્થના અંતે તૈયાર કરાયેલા વિવિધ પ્રોજેક્ટ રજૂ કર્યા હતા. આ સંપૂર્ણ કાર્નિવલ શિક્ષણ જગતને નવી રાહ ચીંધનાર બની રહ્યો હતો. જેમાં U-7 W-7, સ્માર્ટ સાયન્સ ઝોન, ગણિત ગમ્મત ઝોન, સ્માર્ટ સીટી, લેંગ્વેજ ઝોન અને કોમર્સ ઝોન જેવાં વિવિધ વિષયો પર ૭૫ થી વધુ મોડેલ્સની ૪૦ થી વધુ રૂમમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રેક્ટીકલ જાણકારી આપવામાં આવી હતી. શાળામાં ચાલતા U-7 W-7,8-C, Sparc, commerce plus પ્રોજેક્ટને ધ્યાનમાં રાખીને આ કાર્નિવલમાં તમામ મોડેલ્સ તૈયાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત કાર્નિવલમાં ફન પાર્ક, મોડલ ઓફ ટ્રેન, પપેટ શો, મેજીક શો, ફૂડ કોર્ટ, મેગા કાઇટ ફ્લાઇંગ સહિત કલા, સંગીત અને સાહિત્ય આધારિત કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્નિવલનું ઉદ્‌ઘાટન સંસ્થાના સંત શ્રી પ.પૂ.મૂર્તિસ્વામીજી, ટ્રસ્ટીશ્રી ઉપરાંત આમંત્રિત મહેમાન શ્રી ડૉ.શેખર અને ડૉ.અર્ઘ મુખર્જી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્નિવલ નિહાળનાર દરેક પ્રેક્ષકગણ દ્વારા- સંસ્થાના શિક્ષકોના અને વિદ્યાર્થીઓના અથાગ પરિશ્રમની ખૂબ જ પ્રશંસા કરતાં પોતાના અભિપ્રાય આપ્યા હતા કે , "આ કાર્નિવલ વિદ્યાર્થીઓને પુસ્તકીઆ પટારામાંથી બહાર કાઢી જ્ઞાનના અસીમ સીમાડાઓનું દર્શન કરાવનાર છે.જેમાં વિદ્યાર્થીઓને પોતાને આવડે જ છે એ આત્મવિશ્વાસ અને તેમની અતંરંગ શક્તિઓને વિકસાવવાનું એક અનેરું મેદાન શાળા દ્વારા પુરૂ પાડવામાં આવ્યું









# SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

## U-7 W-7 REPORT [GUJ MED] 2018-19

### પ્રી-પ્રાયમરી ના ભુલકાઓની સપ્ટેમ્બર મહિનાની પ્રવૃતિઓ અને ઉજવણી .



FRUIT & DRYFRUIT DAY 1





RAINBOW DAY







PASTE WORK









STORY TELLING



# Swaminarayan Dham International School

## નોટીસ

સૂજ્ઞ વાલીશ્રી,

વિદ્યાર્થીઓને ભણતર સાથે માનસિક આનંદની પણ ખૂબ જ જરૂરિયાત હોય છે. પરીક્ષા પછી વિદ્યાર્થીઓ હળવા ફૂલ થાય તે માટે શાળામાં એક દિવસીય વા□ાક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ એક દિવસીય વા□ાક પ્રવાસ બોરસદ, **વાલોદ ખાતે એન્જોય સીટી**માં રાખવામાં આવ્યો છે. જેમાં ધો-૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ વિવિધ એડવેન્ચર એક્ટિવીટી અને વોટર પાર્કનો આનંદ ઉઠાવી શકશે.

★ **નોંધ-** સ્થળ- ધ એન્જોય સિટી વાલોદ,બોરસદ, તારીખ- ૨૭-૧૦-૧૮ શનિવાર

★ પ્રવાસ ફી- ૧૧૦૦ રૂા. (જેમાં સવારનો નાસ્તો, બપોરનું જમવાનું, સાંજનું જમવાનું , એડવેન્ચર એક્ટીવીટી, વોટરપાર્ક,કોસ્ચ્યુમ અને આવવા-જવાનો ખર્ચ સામેલ છે.) ★ **સરનામું** - જૈની તીર્થ પાસે, બોરસદ, જીલ્લો-આણંદ, વાલોદ, ગુજરાત.

★ આપ ધ એન્જોય સિટીના વિવિધ વિડીયો યુટ્યુબ પર The Enjoy City લખી નિહાળી શકશો.

★ પ્રવાસની ફી તારીખ-૨૯-૯-૧૮ શનિવાર સુધી પોતાના વર્ગશિક્ષકને જમા કરાવવી.

★ પ્રવાસમાં આવનાર વિદ્યાર્થીઓને આગળની સુચના પછીથી આપવામાં આવશે.









# SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

## TEACHERS DAY CELE□RATION RE□ORT

DATE:5/9/18

વિદ્યાર્થીઓશાળામાં આવે છે અને જ્ઞાન મેળવે છે સાથે સાથે તે જીવનભર ના ભુલાય એવા શિક્ષકોનો પ્રેમ મેળવે છે અને એજ પ્રેમ અને આદર નું ઋણ ચૂકવાનો દિવસ એટલે TEACHER'S DAY .વિદ્યાર્થીઓએ ખુબજ સુંદર આયોજન કરી દરેક શિક્ષકો નુંઅભિવાદન કર્યું.વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકોનું પૂજન કરી ફૂલ અને કાર્ડ આપવામાં આવ્યા.શિક્ષકો પ્રત્યે અને શાળા પ્રત્યે પોતાનો પ્રેમ અને આદર રજૂ કર તા સ્વરચિત ગીતો ગા યાઅને શિક્ષકો નું મહત્વ સમજાવતી સુંદર સ્પીચ પણ આપી અને અંત માં શિક્ષકોને અવનવી રમત રમાડી ને પેન આપવામાં આવી.પ્રોગ્રામનેઅનરૂપ પ્રિન્સીપાલ ના વક્તવ્ય એ અનેરું મહત્વ આપી દીધું.











# SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

## HOUSE WISE DRAWING COMPETITION REPORT [GUJ MED]

DATE:30/8/18

વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા,વિચારશક્તિ અને ખેલદિલી નો વિકાસ શાળા જીવન દરમ્યાન થતો હોય છે.જે શક્તિઓ ખીલવવા શાળામાં જુદી જુદી સ્પર્ધાઓનું આયોજન થતું હોય છે.જે માટે અમારી શાળામાં હાઉસ સ્પર્ધાઓ યોજાતી હોય છે જેમાં AUGUST મહિનામાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા ત્રણ વિભાગમાં વેહચવામાં આવી હતી. જેમાં ધોરણ-૧ થી ૪ ના માટે રંગપૂર્તિ. ધો-૫ થી ૭ માટે કુદરતી દ્રશ્ય દોરો અને ધો- ૮ થી ૧૧ માટે WOMEN EMPOERMENT,WOMENEDUCATION અને CLEA NINDIAજેવા વિષયો પર ચિત્ર સ્પર્ધા રાખવામાં આવી. જેમાં દરેક હાઉસ ના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો અને ચિત્ર ના માહિરએવાજજ શ્રીરિશીસર ને તકલીફ માં મૂકી દીધા કે નંબર કોને આપવો એવી સુંદર સ્પર્ધા યોજાય.











# SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

## FREEDOOM FIGHTERS DAY ASSEMBLY REPORT [GUJ MED]

DATE: 23/8/18

વિદ્યાર્થીઓઆપણા સ્વાતંત્ર સેનાનીને ઓળખે તેમના વિષે જાણે અને આપડા દેશને આઝાદી કેવી રીતે મળી, તેમાં કો ણે કોણે કેવા બલીદાન આપ્યા અને આઝાદીનું મહ્ત્વ સમજે અને દેશભાવના જાગે તે માટે સ્વાતંત્રસેનાની દિવસ ની ઉજવણી ASSEMBLY માં ધોરણ-૫ ના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી .જેમાં તેમણે નાટક,ગીત,વીડિઓઅને અભિનય દ્વારા રજુવાત કરી.વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ પણ આઝાદીના ગીતો ગાન કરી દેશની મહામુલી આઝાદી ને યાદ કરી.











# SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

## PROJECT DEMO ASSEMBLY REPORT [GUJ MED]

DATE: 16/8/18

શાળામાં વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય છે.  જે માટે જુદા જુદા PROJECTS દ્વારા બાળકોનો ઉત્સાહ વધરાય છે.જેના માટે ધોરણ ૧ થી ૭ ના વિદ્યાર્થીઓ ને દરેક વિષય ના PROJECTS આપવામાં આવ્યા હતા. જેનું નિદર્શન શાળાના હોલ માં રાખવામાં આવ્યું હતું  .જેમાં પ્રિન્સીપલશ્રી અને સુપરવાઈઝર શ્રી એ પધારીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધ આર્યોહતો.વિદ્યાર્થીઓ દ્વારા દરેક વિષયના PROJECTS ની રજુવાત ગીત,નાટક,અભિનય ગીત અને મોડેલ દ્વારા કરવામાં આવી.







# SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

## FILED TRIP REPORT [GUJ MED]

DATE: 18/8/18

વિદ્યાર્થીઓશાળામાંવર્ગખંડમાં બેસીને ને નહિ પણ PRCTICAL જ્ઞાનદ્વારા શીખે તે માટે શાળામાં EDUCATIONAL TRIP નું આયોજન કરવા માં આવતું હોય છે. જેના ભાગ રૂપે ધોરણ-3 અને ૪ ના વિદ્યાર્થીઓ POST- OFFICE ની મુલાકાતે ગયા જયારે ધોરણ- ૫ થી ૭ ના વિદ્યાર્થીઓ ગાંધી કુટીર ની મુલાકાતે ગયા હતા.પોસ્ટ ઓફી સ માં વિદ્યાર્થીઓને પત્ર કેમ લખાય,મોકલાય કમ અને કેવી રીતે સરનામે જાય તે સમજાવવામાં આવ્યું અને વિદ્યાર્થીઓને પોસ્ટકાડ આપીને જાતે લ ખાવીને તેમના સરનામે પોસ્ટ કરતા પણ શીખવાડ્યું.જયારે ગાંધી કુટીર માં વિદ્યાર્થીઓએ ગાંધીજીના જીવન વિશેની અને તેમની સ્વતંત્રતા ની લડત ની સફર ની સંપૂર્ણ માહિતી અદ્યતન ટેક્નોલોજી દ્વારા મેળવી.









# SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

## INDUS UNIVERSITY FIELD TRIP REPORT

વિદ્યાર્થીઓવર્ગમાં જ્ઞાન મેળવે અન કરતા પ્રત્યક્ષ જ્ઞાન મેળવે તે માટે શાળામાંથીધોરણ-૮થી ૧૦ ના વિદ્યાર્થીઓને INDUS UNIVERSITY ની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા.જ્યાં વિદ્યાર્થીઓએ AEROPLANE ના વિવિધ ભાગો કેવી રીતે બને અને તેનું કામ શું હો ય તે બતાવવામાં આવ્યું.ઉપરાંત વીડિઓ દ્વારા પણ સમજણ આપવામાં આવી. વિદ્યાર્થીઓ માટે આ મુલાકાત જીવનભર માટેનીયાદગાર મુલાકાત બની રહી.








# SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

## UNDER -7 WONDER-7 REPORT 2018-19[GUJ MED]

શાળામાં બાળકોના સર્વાંગી વિકાસ માટે UNDER-7 WONDER-7 પ્રોજેક્ટ ચાલી રહ્યો છે તે અંતર્ગત જુલાઈ અને ઓગસ્ટ માસમાં વિવિધ પ્રવૃત્તિ કરવામાં આવી સાથે વર્ગખંડ માં જ રહીને ના ભણતા પ્રેક્ટીકલ જ્ઞાન પણ મેળવે તે માટે રમતો અને એક મુલાકાત નું પણ આયોજનકરવમાં આવ્યું.વર્ગમાં મૂળાક્ષરોમાં રંગ પુરવા , ચિત્ર દોરવા , રંગ ઓળખવા ,વસ્તુ હલકી ભારે ઓળખવા પ્રયોગ કરવામાં આવ્યો,પાણીમાં ખાંડ અને મીઠું ઓગળે છે તે બતાવ્યું.RED DAY અને YELLOW DAY ઉજવવામાં આવ્યા .આ રીતે બાળકોનું જ્ઞાન સાથે ગમ્મત











# SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

## *UNDER SEVEN WONDER SEVEN ACTIVITIES*

## *GUJARATI MEDIUM PRE-RIMARY YEAR 2018-19*

ભાર વગર નું ભણતર એ અમારી શાળા નો મુખ્ય ધ્યેય છે .જેની શરુઆત થાયબળ વય થી .અમારી શાળા માં બળ ભૂલકાઓ રમતા રમતા ભણે તે માટે વિવિધ વર્ગ પ્રવૃતિઓ કરવામાં આવે છે .જેવી કે અંકો અને મૂળાક્ષરો રંગ કે રેતી દ્વારા શીખવવા.કાગળ માથીવસ્તુ બનાવી કે કાગળ ના ટુકડાઓ નો ઉપયોગ કરીને વિવિધ આકાર બનાવવા.અંકો મણકાઘોડીદ્વારા શીખવવા.મીઠું અને ખાંડ પાણી માં ઓગળે છે અને હલકી વસ્તુ પાણી માં ડૂબે જયારે ભારે વસ્તુ માં તરે વગેરે પવૃત્તિ કરાવી.દરેકપ્રવૃત્તિબાળકો ખુબજ ઉત્શાહ થી કરે છે અને દરેક બાળક તેમાં ભાગ પણ લે છે.આમ વિવિધ પ્રવૃત્તિ દ્વારા બાળકોજ્ઞાન સાથે ગમ્મત કરે છે.






# SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

## PRE-PRIMARY FIELD TRIP REPORT (GUJ MED)

## YEAR 2018-19

તારીખ 31-07-2018 મંગળવારના રોજ ભૂલકાઓ એ ફાયર સ્ટેશન ની મુલાકાત લીધી હતી .આ મુલાકાત દ્વારા બાળકો એ અગ્નિશામક યંત્ર નો ઉપયોગ ક્યારે અને કેવી રીતે થાય તે શીખ્યા .ચાંદખેડા માં આવેલ ફાયર સ્ટેશન ના કર્મચારીઓ એ વિદ્યાર્થીઓ એ ને લાયબંબા નો ઉપયોગ કેવી રીતે થાય તે પ્રત્યક્ષ નિદર્શન દ્વારા સમજાવ્યું .નાના ભૂલકાઓએ પણ તેમની કાલી ઘેલી ભાષામાં અવનવા પ્રશ્નો પૂછ્યા ને માહિતી મેળવી








# SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

## DO GOOD FEEL GOOD ASSEMBLY REPORT [GUJ MED] -2018-19

વિદ્યાર્થીઓમાં શાળા જીવન માં જ સારા ગુણો નો વિકાસ થાય તેમજ તેમની છૂપેલી શક્તિઓ બહાર આવે તે માટે અસેમ્બ્લી નું આયોજન કરવામાં આવે છે.જેમાં ધોરણ- ૬ ના વિદ્યાર્થીઓ દ્વારા DO GOOD FEEL GOOD વિષય પર રજુવાત કરવામાં આવી .જેમાં વિદ્યાર્થીઓએ નાટક,ગીત,PPTઅને વીડિઓ દ્વારા સમજાવ્યું કે આપણે હમેંશા જો સારા કાર્યો કરીશું તો આપણને સારી લાગણી થશે .














## SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

## GUJARATI MEDIUM

## GOOD HABIT / BAD HABIT ASSEMBALY REPORT ( 201819 )

**DATE :- 12/07/2018**

વિધાર્થીઓમાં સારી ટેવો અને ખરાબ ટેવોની સમજણ પડે અને તેઓ એક સારા વિધાર્થી બને તે માટે ધોરણ – ૩ ના વિધાર્થીઓ ધ્વારા સારી ટેવો અને ખરાબ ટેવો પર સુંદર એસેમ્બલી રજૂ કરવામાં આવી. આ વિષય પર વિધાર્થી જીવનમાં કઇ કઇ સારી ટેવો જરૂરી છે અને કઇ ખરાબ ટેવો દૂર કરવી જોઇએ તે સમજાવ્યું. સવારે વહેલાં ઉઠવું, બ્રશકરવું, કસરત કરવી, ગૃહકાર્ય નિયમિત કરવું વગેરે સારી ટેવો વસ્તુ, ચિત્રો અને વિડીયો ધ્વારા સમજાવી. ક્યારેય જૂઠું ન બોલવું, ચોરી ન કરવી, મારામારી ન કરવી, ઉચા અવાજે વાત ન કરવી. ટી.વી. જોવું વગેરે ખરાબ ટેવો શા માટે ખરાબ છે ? અને તેને કેમ દૂર કરવું તે નાના - નાના વિધાર્થીઓએ વર્ગ શિક્ષક માનસીમેમ ની મદદ ધ્વારા ખૂબ જ સુંદર રીતે સમજાવી.












# SWAMINARAYAN DHAM INTERNATIONALSCHOOL

# ASSEMBLY REPORT (GUJ MED) 2018-19

## DATE: 11-6-18

રજાઓનો આનંદ માણીને નવા ધોરણ માં નવા વિષયો અને નવા શિક્ષકો સાથે ભણવાઆવેલ વિદ્યાર્થીઓ પ્રથમ દિવસથી જ ભણવાનો ભાર અને ભય દુર કરી ઉત્સાહ અને ઉમંગ થી રોજ ભણવા આવે તે માટે આજે વિદ્યાર્થીઓ માટે WELCOME ASSEMBLY નું શિક્ષકો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં નવા વર્ષ ની શરૂ આત વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી અને અમારી શાળાની અલગ ઓળખાણ સમી પ્રાર્થનાથી કરવામાં આવી .ત્યારબાદ WELCOME સોંગ દ્વારા વિદ્યાર્થીઓ નું સ્વાગત કરવામાં આવ્યું, ત્યારબાદ દરેક શિક્ષકોનો પરિચય કરાવ્યો અને શાળા માં ચાલતી વિવિધ પ્રવૃતિઓના વીડિઓ બતાવામાં આવ્યા .અમારા SUPRVISOR શ્રી ગુણવંતભાઈ એ વિદ્યાર્થીઓ ને શાળા ના મુખ્ય નિયમો થી માહિતગાર કર્યા ને થોડી પ્રવૃતિઓ પણ કરાવી .આ રીતે વિદ્યાર્થીઓનો પ્રથમ દિવસ હસતા રમતા પસાર થઇગયો.






# SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

## GUJARATI DAY ASSEMBLY REPORT (2018-19) GUJ MED

વિદ્યાર્થીઓદ્વારા ગુજરાતી ભાષા નું મહત્વ સમજાવવા  માટે ગુજરાતી ભાષા અને સાહિત્ય પર ASSEMBLY નું આયોજન કરવામાં આવ્યું હતું.  જેમાં ભાષા ના  શિક્ષકોએ વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાતી ભાષા નું મહત્વ સમજાવતા લોકગીતો,  કવિતા,ઉખાણા અને વાર્તાઓ  રજુ કર્યા.વિદ્યાર્થીઓ પણ ખુબજ ઉત્સાહ થી ગુજરાતી ભાષા દિવસ ની ઉજવણી કરી.












# SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

## દિવ્ય માતૃપિતૃ વંદના પર્વ રીપોર્ટ (૨૦૧૮-૧૯)

તા - ૨૦-૨-૧૯

अभिवाजनशीलस्य नित्यं वृध्धोपसेविनः ।
चत्वारि तस्य वर्धन्ते आयुविद्या यशो बलम् ।।

ઉપરના શબ્દોનું અક્ષરશઃ પાલન કરતા અમારી શાળામાં વેલેન્ટાઇન ડે. ફ્રેન્ડશીપ ડે કે અન્ય વિદેશી તહેવારોની ઊજવણી કર્યા વગર દિવ્ય માતૃ-પિતૃ વંદના પર્વનું આયોજન તા-૧૭-૨-૧૯ રવિવારનાં રોજ સવારે ૮:૩૦ થી ૧૧:૩૦ દરમ્યાન શાળાનાં વિશાળ પટાંગણમાં કરવામાં આવ્યું હતું. આ પર્વ દ્વારા આજનાં યુગના બાળકો જે માતા-પિતા અને ભારતીય સંસ્કૃતિ ને આદર આપવાનું ભૂલી ગયા છે તેને ફરી ઊજાગર કરવાનો અમારો એક નાનો પ્રયાસ હતો. આ કાર્યક્રમમાં ૪૦૦ થી વધુ માતા-પિતા એ પોતાના પાલ્ય સાથે ભાગ લઇને શાળાના આયોજન ને ખૂબ જ બિરદાવ્યો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ એ પોતાનાં માતા-પિતાનું પૂજન,આરતી કરી ભેટ આપીને પોતાનો આદરભાવ વ્યક્ત કર્યો હતો. સમગ્ર વિધિ અમારા સંસ્થાના ભૂદેવ દ્વારા સંસ્કૃત શ્લોકો સાથે કરાવતા વાતાવરણ દિવ્ય અને અલૌકિક બની ગયું હતું. તમામ વાલી ગણ અને વિદ્યાર્થી ગદ્ગદિત અને અભિભૂત થઇને શાળા દ્વારાં આવો અદ્ભૂત પર્વ ઊજવવા માટે આભારવશ થયા હતાં.














# SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

## Flowers Day Celebration Report (2018-19) (Guj Med.)

તા - ૦૧-૦૨-૧૯

પ્રિ-પ્રાયમરી નાં વિદ્યાર્થીઓ એ દર શુક્રવારે U-7 W-7 અંતર્ગત જુદાં-જુદાં દિવસોની ઊજવણી કરીને પોતાનું જ્ઞાન વધારે છે.જેમાં તા-૮-૨-૧૯ નાં રોજ વિદ્યાર્થીઓ એ ફ્લાવર્સ ડે ની ઊજવણી કરી હતી. વિદ્યાર્થીઓ જુદાં-જુદાં ફૂલો બનીને આવ્યાં હતાં, સાથે તાજા-તાજા ફૂલો પણ લાવ્યાં હતાં- અને ફૂલો વિશે સમજાવવા માટે શાળાના બગીચામાં લઇ જવામાં આવ્યા હતાં.











# SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

**Plasma Research Center visit Report (Guj Med.)**

**તા - ૦૨-૦૨-૧૯**

ધો-૮ અને ૯ નાં વિદ્યાર્થીઓને ભાટ ખાતે આવેલ પ્લાઝમાં રિસર્ચ સેન્ટરની મુલાકાત માટે લઇ જવામાં આવ્યાં હતાં. જ્યાં વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રદર્શનનો નિહાળ્યું હતું. જેમાં જુદી-જુદી શાળા દ્વારા મુકવામાં આવેલ જ્ઞાનસભર મોડેલ નું પ્રત્યક્ષ નિદર્શન કરી પોતાનું જ્ઞાન વધાર્યુ હતું અને કંઇક નવું શીખ્યાં હતાં.











# SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

## Indroda Park Visit Report (2018-19) (Guj Med.)

તા - ૦૧-૦૨-૧૯

ધો-૧ થી ૪નાં વિદ્યાર્થીઓ કુદરત સાથે તાલમેલ મેળવે. પશુ, પક્ષી, ફળ-ફૂલ , ઝાડ-પાન ને જોવે જાણે અને સમજે તે માટે વિદ્યાર્થીઓ ને ગાંધીનગરમાં આવેલ **ઇંદ્રોડા પાર્ક**ની મુલાકાતે લઇ જવામાં આવ્યા હતા. જ્યાં વિદ્યાર્થીઓએ જુદાં-જુદાં પ્રાણી, પક્ષી, સર્પ-સૃષ્ટિ નિહાળી અને તેમનાં વિશે શીખ્યાં. વિદ્યાર્થીઓ ખૂબ જે આનંદ-ઉત્સાહથી પાર્કની મુલાકાત લીધી હતી.









# SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

**Deaf and Dumb people school visit Report (2018-19) (Guj Med.)**

**તા - ૦૨-૦૨-૧૯**

**ધો-૫ થી ૭ નાં વિદ્યાર્થીઓ જીવનમાં ભગવાન દ્વારા આપવામાં આવેલ શારીરિક ઉણપ કોને કહેવાય? તેમનું જીવન કેવું હોય ? અને છતાં પણ તેઓ તેમની દૈનિક ક્રિયાઓ કેવી રીતે કહે તે સમજાવવા માટે વિદ્યાર્થીઓને ગાંધીનગર ખાતે સેક્ટર-૧૦ માં આવેલ બહેરા-મૂંગા શાળાની મુલાકાતે લઇ જવામાં આવ્યાં હતા. જ્યાં વિદ્યાર્થીઓ તેમની** Sign Language **શીખી તેમની સાથે વાર્તાલાપ કર્યો. રમતો રમ્યાં અને તેમના માટે લાવેલ સ્ટેશનરી અને ફળો આપીને જીવનના એક યાદગાર મુલાકાતનો પાઠ શીખ્યા.**











# SWAMINARAYAN DHAM INTERNATIONAL SCHOOL

**Learn To Fun Assembaly Report (2018-19) (Guj Med.)**

તા - ૧૪-૨-૧૯

વિદ્યાર્થીઓ રમતાં- રમતાં ભણે અને ભણતા ભણતા શીખે તે માટે દર ગુરુવારે ધો-૧ થી ૭ ના વિદ્યાર્થીઓની એસેમ્બલીનું આયોજન કરવામાં આવે છે. જેમાં ધો-૩ અને ૪ ના વિદ્યાર્થીઓએ **આપણાં મદદગારો** વિષય પર ખૂબ જ સુંદર રજુઆત કરી. જેમાં વિદ્યાર્થીઓએ જુદા-જુદા મદદગારો બનીને તેમના વિશે ગીત ,વિડિયો અને એક્શન દ્વારા સમજાવ્યું.






